ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ઘીના ઠામમાં ઘી પડ્યું | નડિયાદ મનપામાં 140 દિવસના રાજકીય વનવાસ બાદ અંતે શાસકો જાગ્યાં , 4 કમિટીના ચેરમેન પદ ગ્રામ્ય વિસ્તારને સોંપવાની સંભવિત ફોર્મ્યુલા

નડિયાદ મનપામાં દસ દિ'માં ૧૧ કમિટીની રચના થશે

બહુમતી છતાં
આંતરિક ખેંચતાણને લીધે અટકેલી કમિટીઓની વરણી અંગે મોવડી મંડળે લીધો આખરી નિર્ણય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં શાસક પક્ષને ભવ્ય અને ઐતિહાસિક બહુમતી મળ્યા બાદ પણ આંતરિક ડખળ અને દાવેદારોની ભારે ફોજને કારણે કમિટીઓની રચના ખોરંભે ચડી હતી. જોકે, લાંબા સમયના વિલંબ બાદ હવે શાસકો સફાળા જાગ્યા છે અને આગામી ૧૦ દિવસમાં જનરલ બોર્ડ બોલાવી વિવિધ કમિટીઓની રચના કરવા માટે હિલચાલ તેજ કરી દીધી છે. મેયર અને ડેપ્યુટી મેયરની નિમણૂક પછી લાંબા સમયથી અટવાયેલા આ નિર્ણયથી હવે નગરમાં વિકાસના કામોને વેગ મળશે તેવી આશા બંધાઈ છે.

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ ગત ૨૬ એપ્રિલના રોજ યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૫૨માંથી ૫૧ બેઠકો પર ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ચૂંટણી પરિણામો બાદ મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પક્ષના નેતા અને દંડકની વરણી કરી દેવાઈ હતી, પરંતુ અન્ય મહત્વની કમિટીઓની

રચના કરવામાં શાસકો વામણા પુરવાર થયા હતા. ૫૧ કોર્પોરેટરો ચૂંટાઈને આવ્યા હોવાથી દરેકને કોઈને કોઈ કમિટીમાં સ્થાન જોઈતું હતું, જેને લઈ પક્ષમાં ભારે મૂંઝવણ અને આંતરિક ખેંચતાણ ચાલી રહી હતી. પક્ષને ડર હતો કે કોઈ એકની પસંદગી અન્ય સભ્યોમાં નારાજગી લાવી શકે છે. જોકે, હવે પક્ષના મોવડીઓએ નિર્ણય લઈ લીધો હોવાથી આગામી 10 દિવસમાં સામાન્ય સભા બોલાવી ૧૦ થી ૧૧ કમિટીની રચના કરાશે.

મેયરની વરણીના ૧૧૨ દિવસ વીત્યા

નડિયાદ મનપા ચૂંટણીના પરિણામો ૨૮ એપ્રિલના રોજ જાહેર થયા હતા, ત્યારથી લઈને આજ સુધી ૧૪૦ દિવસ જેટલો સમય પસાર થઈ ગયો છે. પરિણામો બાદ ૨૬ મેના રોજ નવા મેયર અને ડેપ્યુટી મેયરની વરણી કરવામાં આવી હતી, જેને પણ આજે 112 દિવસ વીતી ચૂક્યા છે. આટલા લાંબા વિલંબ બાદ હવે કમિટીના નામો પર મોવડી મંડળે આખરી મહોર મારી દીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

વહીવટી પ્રક્રિયાઓ -વિકાસ કાર્યો ઝડપી બનશે

લાંબા સમયથી કમિટીઓ અસ્તિત્વમાં ન હોવાથી મહાનગરપાલિકાના અનેક નીતિવિષયક નિર્ણયો અને વિકાસ કાર્યોની ફાઇલો ધૂળ ખાતી પડી હતી. હવે નવી ૧૧ જેટલી કમિટીઓ બન્યા બાદ કામકાજનું વિકેન્દ્રીકરણ થશે. સંબંધિત કમિટીના ચેરમેન સીધા અધિકારીઓ સાથે સંકલન કરી શકશે, જેથી પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોનો ઝડપી નિકાલ આવશે અને ટેન્ડર પ્રક્રિયાઓ તથા મંજૂરીઓમાં ગતિ આવશે.

પ્રાથમિક સુવિધા અને લોકપ્રશ્નો ઉકેલતી કમિટીઓ અસ્તિત્વમાં આવશે

નડિયાદ મનપામાં લોકોના પ્રાથમિક પ્રશ્નો હલ કરવા માટે ફાયર કમિટી, વોટર વર્ક્સ કમિટી, પબ્લિક વર્ક્સ કમિટી, હેલ્થ કમિટી, ડ્રેનેજ કમિટી અને સેનેટરી કમિટી જેવી અત્યંત મહત્વપૂર્ણ સમિતિઓ બનાવવામાં આવશે. અત્યાર સુધી આ કમિટીઓના અભાવે વહીવટી પ્રક્રિયાઓ અને નવા પ્રોજેક્ટ્સની મંજૂરી અટવાઈ પડી હતી.

ગ્રામ્ય વિસ્તારોને પૂરતું પ્રતિનિધિત્વ અપાશે

નવી રચાનારી કમિટીઓમાં સત્તાના સંતુલન માટે ખાસ ફોર્મ્યુલા અપનાવવામાં આવી છે, જેમાં મનપામાં નવા ઉમેરાયેલા ગ્રામ્ય વિસ્તારોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પણ પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવશે. સૂત્રો મુજબ, સંભવિત ૪ કમિટીઓના ચેરમેન પદે ગ્રામ્ય વિસ્તારના કોર્પોરેટરોની વરણી કરાશે, જ્યારે બાકીની કમિટીઓની જવાબદારી શહેરી વિસ્તારના કોર્પોરેટરોને સોંપવામાં આવશે. આ ફોર્મ્યુલાથી તમામ વિસ્તારોના વિકાસને સમાન તક મળશે તેવો દાવો કરાઈ રહ્યો છે.

આંકલાવ પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

કિંખલોડ પેટ્રોલપંપ
પાસે ગાય આડે આવતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૧૫

આંકલાવના કિંખલોડ માર્ગ પર રખડતા ઢોરના કારણે વધુ એક આશાસ્પદ યુવાનનો ભોગ લેવાયો છે. કિંખલોડ પેટ્રોલપંપ પાસેથી મોટરસાઇકલ લઈને પસાર થઈ રહેલા ૨૮ વર્ષીય યુવકની બાઇક સામે અચાનક ગાય આવી જતાં થયેલા ગંભીર અકસ્માતમાં યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આંકલાવના માદા તલાવડી વિસ્તારમાં રહેતા મુકેશભાઈ રમેશભાઈ ઠાકોર (ઉં.વ. ૨૮) પોતાના ઘરેથી કામ અર્થે કિંખલોડ ગયા હતા. ત્યાંથી તા. ૧૪/૦૯/૨૦૨૬ના રોજ સવારે આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે તેઓ બાઇક લઈને પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કિંખલોડ પેટ્રોલપંપ પાસે અચાનક રોડ પર ગાય આવી ચડતાં બાઇક ધડાકાભેર અથડાઈને સ્લીપ થઈ ગઈ હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં મુકેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવની જાણ થતાં જ ૧૦૮ અને સ્થાનિકો દ્વારા તેમને તાત્કાલિક સામુહિક આરોગ્ય કેન્દ્ર, આંકલાવ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. સામુહિક આરોગ્ય કેન્દ્ર તરફથી મળેલ વર્ધીના આધારે ભાદરણ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં રખડતાં ઢોરની સમસ્યા માત્ર શહેર પુરતી નહીં પરંતુ હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ વકરી છે. આ સમસ્યાથી અકસ્માતનું પ્રમાણ વધ્યું છે.

ખેડા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે પીપલગ ફુડ બોક્ષ પાસેથી ૯.૧૭ લાખની નોટો જપ્ત કરી

નડિયાદ પાસે રદ્દ થયેલી રૂા.૫૦૦ની જૂની નોટો સાથે બે શખ્સ ઝડપાયા

પોલીસે એક્ટિવાની
ડેકીમાંથી ૫૦૦ની ૧૮૩૫ નોટો જપ્ત કરી

નોટો આપનાર
તારાપુરનો શખ્સ વોન્ટેડ જાહેર કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

ખેડા જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસે નડિયાદ નજીક પીપલગ ફુડ બોક્ષ પાસે બાતમીના આધારે દરોડો પાડીને ભારત સરકાર દ્વારા રદ્દ કરાયેલી ૫૦૦ના દરની ૯.૧૭ લાખથી વધુની જૂની ચલણી નોટો સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે.

ખેડા જિલ્લા એસઓજી પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે પીપલગ ફુડ બોક્ષ પાસે

બે ઈસમો એક્ટિવા લઈને ઉભા છે અને તેમની પાસે રદ્દ થયેલી જૂની નોટોનો જથ્થો છે. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને બંને શખ્સોની અટકાયત કરી હતી. પંચોની હાજરીમાં એક્ટિવાની ડેકીની તપાસ કરતા ૫૦૦ના દરની કુલ ૧૮૩૫ રદ્દ થયેલી નોટો (કિંમત ૯,૧૭,૫૦૦) મળી આવી હતી. પોલીસે વાહન સહિત ૫૦,૦૦૦નો અન્ય મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં ઝડપાયેલા શખસો રાહુલ ઉર્ફે રવી પીયુષ ભાટીયા અને તપન ઉર્ફે તપલો દિનેશ ધામી હોવાનું ખુલ્યું છે.

તારાપુરના રાહુલ રાઠોડે નોટો આપી હતી

ખેડા એસઓજીએ પકડેલા બન્ને શખસની પ્રાથમિક પૂછપરછમાં ખુલાસો થયો છે કે આ ચલણી નોટો તેમને તારાપુરના રાહુલ રાઠોડ નામના શખ્સે વટાવવા માટે આપી હતી. જેથી પોલીસે રાહુલ રાઠોડને વોન્ટેડ જાહેર કરીને તેની શોધખોળ હાથ ધરી છે. આ સમગ્ર મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં 'ધ સ્પેસિફાઇડ બેંક નોટ્સ એક્ટ' હેઠળ ગુનો રજીસ્ટર કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

આ બંને શખ્સો અગાઉથી નક્કી થયેલી જગ્યાએ નોટોનો જથ્થો વટાવવાની ફિરાકમાં ઉભા હતા ત્યારે જ પોલીસે તેમને દબોચી લીધા હતા.

બોરસદના રાસ વિસ્તારમાં વીજકાપથી સ્થાનિકો ત્રસ્ત

સાંજે ૬થી રાત્રે ૯
સુધી વીજળી વારંવાર ગૂલ રહેવાના કારણે લોકોને હાલાકી

(પ્રતિનિધિ) આણંદ તા ૧૫

બોરસદ તાલુકાના રાસ એમજીવીસીએલ હેઠળના ગામોમાં છેલ્લા એક પખવાડિયાથી વારંવાર વીજ કાપના કારણે લોકોને ભારે હેરાનગતિ થઈ રહી છે. વીજ કાપના કારણે પાણીની પણ તંગી સર્જાય છે.

આ પ્રકારની સમસ્યા અંગે સ્થાનિક એમજીવીસીએલ કચેરીમાં વારંવાર રજૂઆત કરવામાં આવ્યાનું વિજ જોડાણ ધરાવતા ગ્રાહકોએ જણાવ્યું હતું. રજૂઆતો બાદ પણ સમસ્યાનું નિરાકરણ ન આવ્યાનો રોષ ગ્રામજનો વ્યકત કરી રહ્યા છે.

રાસ ગામમાં તેમજ આસપાસના ૧૦ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા પખવાડિયાથી સાંજના સમયે વારંવાર વીજકાપની સમસ્યા સર્જાઈ રહી છે. જેના કારણે ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

રાસ સહિત આસપાસના ગામોમાં મુખ્યત્વે સાંજે ૬થી રાત્રે ૯ કલાક સુધી વારંવાર વીજ સેવા બંધ રહેતી હોવાની ફરિયાદ થવા પામી છે. સાંજના સમયે ઘરકામ અને ભોજન બનાવવાના સમયે વીજળી ગૂલ રહેતા મહિલાઓને વધુ મુશ્કેલી અનુભવવી પડે છે.

એમજીવીસીએલ કચેરી રાસના સૂત્રોના જણાવ્યાનુસાર આ વિસ્તારમાં થતો વીજ કાપ જેટકો કંપની દ્વારા કરવામાં આવતી કામગીરીને કારણે છે. જો કે, સતત પખવાડિયાથી સાંજના સમયે વારંવાર વીજ કાપની સમસ્યાથી કાયમી રાહતની વિજ ગ્રાહકો માંગ કરી રહ્યા છે.

સાળાની નજર સામે જ બનેવી પાણીના ધસમસતા પ્રવાહમાં ગરકાવ

ઠાસરા : મૂળિયાદ પાસે કેનાલમાં ડુબી જવાથી યુવકનું કરુણ મોત

રાત્રે પગ ધોવા
ઉતરેલા મંજીપુરાના યુવકનો મૃતદેહ વહેલી સવારે મળ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

ઠાસરા તાલુકાના મૂળિયાદ ગામ પાસેથી પસાર થતી શેઢી શાખાની કેનાલમાં મોડી રાત્રે પગ ધોવા માટે ઉતરેલા મંજીપુરા ગામના રાહુલ રાવળ નામના યુવકનો અંધારામાં પગ લપસી જતાં કેનાલના ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાના પગલે ફાયર બ્રિગેડ વિભાગે તપાસ હાથ ધરી હતી. જેમાં વ્હેલી સવારે મૃતદેહ હાથ લાગ્યો હતો.

મંજીપુરા ગામનો આશાસ્પદ યુવક રાહુલ રાવળ પોતાના સાળા અને અન્ય એક સગા સાથે રાત્રિના સમયે વાહન પર પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન તેઓ ઠાસરા પંથકના મૂળિયાદ ગામ પાસેથી પસાર થતી શેઢી શાખાની કેનાલ પાસે થોડા સમય માટે રોકાયા હતા. કેનાલ પાસે વાહન ઊભું રાખ્યા બાદ રાહુલ રાવળ પગ ધોવા માટે કેનાલના કિનારે નીચે ઉતર્યો હતો.

મોડી રાત્રિનો સમય હોવાથી અને આસપાસ ભારે અંધારું હોવાના કારણે પગ ધોવા જતા સમયે અચાનક તેનો પગ લપસી ગયો હતો. સંતુલન ગુમાવતા જ રાહુલ સીધો કેનાલના ઊંડા પાણીમાં ખાબક્યો હતો અને પાણીના ભારે વહેણમાં ડૂબવા લાગ્યો હતો. રાહુલને અચાનક પાણીમાં પડતો જોઈને સાથે રહેલા સાળા અને અન્ય સંબંધીના જીવ તાળવે ચોંટી ગયા હતા. તેઓએ રાહુલને બચાવવા ભારે બૂમાબૂમ કરી પોતાની રીતે ભરચક પ્રયાસો કર્યા હતા, પરંતુ કેનાલની ઊંડાઈ અને પાણીનો પ્રવાહ વધુ હોવાથી બચાવ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

આ દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર, પોલીસનો કાફલો અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. રાત્રિ દરમિયાન ભારે શોધખોળ બાદ વહેલી સવારે ફાયર વિભાગની ટીમે યુવકની લાશને પાણીમાંથી બહાર કાઢી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી યુવકના સાળાની પ્રાથમિક પૂછપરછ કરી કાર્યવાહી હાથ ધરી છે.

કપડવંજમાં ચેક રિટર્ન થતાં આરોપીને ૧ વર્ષની સાદી કેદ

એક માસમાં ચેકની
રકમ ન ચૂકવે તો વધુ 3 માસની જેલ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૫

કપડવંજ ખાતે રૂા. ૩ લાખના હાથ ઉછીના નાણાં પેટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને એક માસમાં રકમ ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

કપડવંજ શહેરના બારોટવાડો વિસ્તારમાં રહેતા ફરિયાદી બારોટ ઉર્વીબેન ભાવીનભાઈ પાસેથી વિછીવાડોના રહીશ આરોપી પટેલ નિમેષ કેશવભાઈએ રૂા. ૩ લાખ હાથ ઉછીના લીધા હતા. આ નાણાં ચૂકવવા પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો અને પાકતી તારીખે બેંકમાં ભરતા રકમ મળી જશે તેવો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ, ફરિયાદીએ બેંકમાં ચેક જમા કરાવતા તે 'સિગ્નેચર ડીફર' (સહીમાં તફાવત) ના શેરા સાથે પરત આવ્યો હતો. આ અંગે ફરિયાદીના વકીલ સિદ્ધાંતકુમાર અજીતભાઈ મહેતા મારફતે કપડવંજ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

આ કેસ ચાલી જતા કપડવંજના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ યુ.એસ. કાલાણીએ આરોપી પટેલ નિમેષ કેશવભાઈને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવી ધી નેગોસિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત, કોર્ટે આરોપીને એક માસમાં ચેકની રકમ ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો અને તેમાં કસૂર કરે તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

સ્પર્શ યોજના અંતર્ગત મેકર-ચેકર-એપ્રુવર સિસ્ટમ અમલમાં આવશે

શાળા આચાર્ય બિલ બનાવશે અને સીઆરસી ચકાસણી કરશે

જોકે, બિલની મંજૂરી ડીપીઈઓ આપશે

(પ્રતિનિધિ) આણંદ તા ૧૫

સ્પર્શ શિક્ષણ યોજના અંતર્ગત સરકારી પ્રાથમિક શાળાઓમાં ગ્રાન્ટના બિલો બનાવી તેની ચુકવણી મેળવવાની પ્રક્રિયામાં હવે મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી પી.એફ. એમ.એસ. મારફતે શાળાના આચાર્ય બિલ તૈયાર કરી પોતે જ એપ્રુવ કરી ગ્રાન્ટનો વપરાશ કરી શકતા હતા. હવે સ્પર્શ યોજના અંતર્ગત મેકર, ચેકર અને એપ્રુવર એમ ત્રણ તબક્કાની નવી જવાબદારી વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે.

નવી વ્યવસ્થા મુજબ બિલની પ્રક્રિયામાં જવાબદારીનું વિભાજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાએ મેકર તરીકે જિલ્લા હિસાબી અધિકારી (સમગ્ર શિક્ષા) તથા ચેકર તરીકે પણ જિલ્લા હિસાબી અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવી છે, જ્યારે અંતિમ એપ્રુવર તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રહેશે. બ્લોક એટલે કે બીઆરસી-સીઆરસી કક્ષાએ પણ નિર્ધારિત અધિકારી-કર્મચારીઓને મેકર અને ચેકરની જવાબદારી સોંપવામાં આવશે.

શાળા કક્ષાએ આચાર્ય મેકર તરીકે બિલ તૈયાર કરશે. ત્યારબાદ સંબંધિત ક્લસ્ટરના સીઆરસી સંયોજક દ્વારા બિલની ચકાસણી કરવામાં આવશે અને અંતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરી બાદ જ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે. આણંદ જિલ્લા સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં આ વ્યવસ્થા અમલમાં મૂકવા શિક્ષણ વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.

નવી સિસ્ટમનો મુખ્ય હેતુ બિલોની ચકાસણી અને મંજૂરીમાં સ્પષ્ટ જવાબદારી નક્કી કરી પારદર્શિતા તથા વ્યવસ્થિત ચુકવણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો હોવાનું માનવામાં આવે છે. જિલ્લા તિજોરી કચેરીમાં સમગ્ર શિક્ષણ યોજના સંબંધિત બિલો પણ હવે નિર્ધારિત અધિકારી-કર્મચારીઓની પ્રક્રિયા બાદ જ રજૂ થશે.

જોકે, અગાઉ સાદા ચેક મારફતે અને ત્યારબાદ પી.એફ. એમ.એસ.માં આચાર્યને મળતી સીધી મંજૂરી વ્યવસ્થાની સરખામણીએ હવે આચાર્યએ બિલ બનાવ્યા બાદ સીઆરસી ચકાસણી અને ડીપીઈઓની મંજૂરી મેળવવી પડશે.

ખેતી પર નિર્ભરતા ઘટાડી ટેકનોલોજી આધારિત 'સ્માર્ટ ફાર્મિંગ' અનિવાર્ય

એગ્રો-ઇકોનોમિક
રિસર્ચ સેન્ટરના રૂપમા સ્થાપના દિવસે ડેરી ક્ષેત્રમાં 'નેટ-ઝીરો' ઉત્સર્જનનો સંકલ્પ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

દેશમાં બદલાતી ભૌગોલિક - રાજકીય પરિસ્થિતિઓ, આબોહવા પરિવર્તન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના યુગમાં 'વિકસિત ભારત ૨૦૪૭' નું લક્ષ્ય સાકાર કરવા માટે ભારતીય કૃષિના અભિગમમાં આમૂલ પરિવર્તન લાવવું અત્યંત જરૂરી બન્યું છે. વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના એગ્રો-ઇકોનોમિક રિસર્ચ સેન્ટરના રૂપમા સ્થાપના દિવસે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ પ્રો. એસ. મહેન્દ્ર દેવે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કૃષિ પર નિર્ભર કાર્યબળમાં તર્કસંગત ઘટાડો કરીને તેમને અન્ય ઉત્પાદક ક્ષેત્રોમાં વાળવા અને ખેતીને ટેકનોલોજીથી નફાકારક બનાવવી એ આજના સમયનો સૌથી મોટો પડકાર

અને તક છે.

આ પ્રસંગે પ્રો. મહેન્દ્ર દેવે તેમના વ્યાખ્યાનમાં ભારતીય કૃષિ વિકાસ માટે આઠ મુખ્ય સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જેમાં નાના ખેડૂતોની ઉત્પાદકતા વધારવી, ખેતીમાં વૈવિધ્યકરણ લાવવું, બજાર માંગ મુજબના ભાવો મેળવવા, ફાર્મ પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવર્ધન કરવું, કૃષિમાં મહિલાઓની વધતી ભૂમિકા અને સંસ્થાકીય સુધારાઓ કરવાનો સમાવેશ થાય છે. ટેકનોલોજીના માધ્યમથી ખેતીને નફાકારક બનાવવી અને માનવબળનું કૌશલ્યવર્ધન કરવું ૨૦૪૭ ના સ્વપ્ન માટે નિર્ણાયક સાબિત થશે.

ડેરી ક્ષેત્રમાં 'નેટ-ઝીરો' ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનનું લક્ષ્ય

પ્રાસંગિક પ્રવચનમાં એનડીડીબીના ચેરમેન ડો. મીનેશ શાહે જણાવ્યું હતું કે, દેશનો ડેરી ઉદ્યોગ ૧.૪ અબજ લોકોને પોષણ સુરક્ષા પૂરી પાડે છે અને ૮૦ મિલિયનથી વધુ ગ્રામીણ પરિવારોની આજીવિકાનો આધાર છે. તેમણે ૨૦૪૭ સુધીના રોડમેપ અંતર્ગત પશુ ઉત્પાદકતામાં વધારો, સહકારી ક્ષેત્રનો વ્યાપ અને વૈશ્વિક ડેરી વેપારમાં ભારતનો હિસ્સો વધારવા પર ભાર મૂક્યો હતો. સાથે જ, ડેરી ક્ષેત્રમાં 'નેટ-ઝીરો ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન' નું લક્ષ્ય પ્રાપ્ત કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225